મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં તલ-સીંગ તથા ડ્રાયફ્રૂટ ચીક્કીનું વેચાણ

## બદલાતી ઋતુમાં ફાઈબર અને પ્રોટીનથી ભરપૂર અવનવી ચીકી ખાઈ પતંગ રસિયાઓ તાજા બનશે



ગાંધીનગર, તા.૧૨

મકરસંક્રાંતિને હવે એક જ દિવસની વાર છે ત્યારે શહેરમાં ચીક્કીનું વેચાણ થઈ રહ્યું છે. સ્વાસ્થ્ય વર્ધક ગોળની બનેલી સીંગ અને તલની ચીક્કી કે લાડુ ઉત્તરાયણ નિમિત્તે આરોગવાનું અલગ જ મહત્વ છે. બદલાતી ઋતુ સામે રક્ષણ મેળવવા તથા સ્વાસ્થ્ય સંબંધીત રોગ સામે રક્ષણ મેળવવા ચીક્કી આરોગવી જરુરી છે. કારણ કે તલ અને સીંગમાં ભરપૂર ફાઈબર અને પ્રોટીન સાથે વિટામીન્સ રહેલા છે. જે શરીરની રોગપ્રતિકારક શકિત વધારવામાં મદદરૂપ થાય છે.

શહેરમાં તલ, સીંગની ચીક્કી સાથે ડ્રાયફ્રૂટ માવાની ચીક્કીનું પણ વેચાણ થઈ રહ્યું છે. સીંગ અને તલના રોટલા સાથે મમરા, તલ તથા રાજગરાના લાડુ સાથે તલની રેવડી હાલ ટ્રેન્ડમાં છે. સાથે કાળા અને સફેદ તલનું કચરિયું પણ વેચાણમાં છે.

શહેરમાં સીંગની ચીક્કી ૯૦ રૂપિયે ૫૦૦ ગ્રામ, તલની ૧૦૦ રૂપિયે ૫૦૦ ગ્રામ, કાજુ ચીક્કી ૪૦૦ રૂપિયે ૫૦૦ ગ્રામ, બદામ ચીક્કી ૪૦૦ રૂપિયે ૫૦૦ ગ્રામ, મિક્ષ ડ્રાયફ્રુટ ચીક્કી ૪૦૦ રૂપિયે ૫૦૦ ગ્રામ, રાજગરાની ચીકકી ૧૦૦ રૂપિયે ૫૦૦ ગ્રામ એમ વેચાણમાં છે. રેવડી લાડુ ૧૪૦ રૂપિયાના ૫૦૦ ગ્રામ અને કચરીયું ૧૮૦થી ૩૦૦ રૂપિયે કિલો એમ વેચાણમાં છે.

આમ, તો પહેલા ગૃહિણીઓ ઘરે જ તલ અને મમરાના લાડુ તથા સીંગ, તલ, દાળીયાની ચીક્કી બનાવતી પરંતુ હાલ તૈયાર ચીક્કી આરોગવાનો ટ્રેન્ડ વધ્યો છે. શહેરીજનો ઉત્તરાયણ નિમિત્તે જોરશોરથી ખરીદી કરી રહ્યા છે.

### મકરસંક્રાંતિના દિવસે તલના લાડુનું દાન કરવાનું મહત્વ

તલના લાડુ સ્નેહનું પ્રતિક છે. તલ સાથે ગોળ ભેગો થાય છે. ગોળ તલને જોડે છે તેમ સમાજની અંદર સ્નેહ નામની વસ્તુ એવી છે કે, સ્નેહ રાખો તો દરેક માણસો એક થઈ શકે. મકરસંક્રાંતિના દિવસે તલના લાડુ સાથે કોઈ પણ વસ્તુના દાનનું પણ તેટલું જ મહત્વ છે. આ દિવસે જરૂરિયાતમંદને તલના લાડુનું દાન કરવાથી તેમનામાં શકિત ઉમેરાય છે. જેનું પુણ્ય દાન કરનારને મળે છે.


- પૂજ્ય ફૂલશંકર શાસ્ત્રી



# રાષ્ટ્રીય યુવા દિવસની પ્રભાતે પાટનગરના યુવાનો ડીજેના તાલે ઝુમ્યા

## સે-૧ના તળાવ કાંઠે પહેલીવાર જલ્સા સ્ટ્રીટ યોજાઈ





ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે સેકટર-૧ના સૂર્ય જયોત તળાવ ખાતે સૌ પ્રથમવાર જલ્સા સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના યુવાનોએ ડીજે સાઉન્ડના તાલે તાપમાનમાં ગરમાવો લાવી દેતો મનમોહક ડાન્સ કર્યો હતો. શહેરના પ્રેસિડેન્ટ લોન્જ રેસ્ટોરન્ટ તથા ઝણકાર ગૃપ દ્વારા આયોજિત જલ્સા સ્ટ્રીટ કાર્યક્રમમાં યુવાનોએ ડાન્સ સાથે ચોક પેઈન્ટિંગ, એરોબિકસ, ઝુમ્બા ડાન્સ વગેરેની મોજ માણી હતી. આજે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ હતી જેને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે વહેલી સવારે શિયાળાની ઠંડીને મ્હાત આપતો યુવાનોનો ઉત્સાહ યુવાધનની આંતરિક શકિતની ઓળખાણ કરાવતો હતો.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જિલ્લા ટ્રાફિક પોલીસ તથા એઆરટીઓ ગાંધીનગર દ્વારા માર્ગ સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જન જાગૃતિના ભાગરૂપે સંસ્થા દ્વારા ગુલાબનું ફૂલ તથા સાહિત્ય વિતરણ કરાયું હતું. આ જાગૃતિ અભિયાનમાં ટ્રાફિક પીઆઈ મનિષાબેન પુવાર સાથે પોલીસ વિભાગના અધિકારીઓ અને મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, બી.એ. શુકલ, પ્રદીપ સોલંકી, નિલેન્દુ વોરા, ભૂપેન્દ્ર મહેતા તથા ગાંધીભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## નાસતો-ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

દહેગામ પોલીસ મથકમાં પ્રોહિના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર આરઆર સેલની ટીમે પકડી પાડ્યો છે. આરઆર સેલની ટીમ સાબરકાંઠા જીલ્લામાં એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે હે.કો.દલજીતસિંહને આરોપી અંગે બાતમી મળી હતી જેને પગલે આરઆરસેલે દહેગામમાં વર્ષ ૨૦૧૮માં નોંધાયેલા પ્રોહિ ગુનામાં નાસતા ફરતા આરોપી જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુ દિપસિંહ ચૌહાણ (રહે વાસણા હિમતનગર)ને બળવંતપુરા ફાટક પાસેથી પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૩૦ કટ પાસે બે કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૨

શહેરના ચ માર્ગ પર સેકટર-૩૦ ના કટ પાસે વળાંક લઈ રહેલી કારને અચાનક પાછળથી અન્ય કારે ટક્કર મારતા કાર પલ્ટી મારી ગઈ હતી. જો કે આ અકસ્માતમાં કાર ચાલક વડીલનો આબાદ બચાવ થયો હતો. વડીલે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ગોલ્ડન પાર્ક સોસાયટી ખાતે રહેતા નંદલાલ રામજીભાઈ પટેલ (ઉં.વ.૬૫) રવિવારના રોજ સવારે સેકટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. ત્યારે સવાસાત વાગ્યાના અરસામાં ચ માર્ગ પરથી સેકટર-૩૦ ના કટ પાસે વળાંક લેવા માટે કાર ધીમી ગતિએ કરીને સાઈડ લાઈટ બતાવી હતી. તે સમયે અચાનક પાછળના ભાગેથી અન્ય કારે ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. જેમાં કાર પલ્ટી જતા વડીલ ને ખાસ ઈજા પહોંચી ન હતી. પરંતુ દોડી આવેલા નાગરીકોએ કારને ઉભી કરી હતી કારને ભારે નુકશાન પહોંચ્યું હતું. અકસ્માત સર્જનાર કાર નં. જી.જે.૦૧.આર.વાય.-૫૪૩૧ના ચાલક ઉભો રહી ગયો હતો. વડીલે તેનું નામ પુછતા તેણે સંદીપકુમાર પ્રવિણકુમાર જાગાણી હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે નંદલાલે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# હરહંમેશ પશુ-પક્ષી બચાવ કાર્ય માટે તૈયાર રહેતા અનોખા પ્રકૃતિ પ્રેમી યુવાનો

## ગાંધીનગરમાં વિવિધ ક્ષેત્રના વિવિધ વિસ્તારના પંરતુ પ્રકૃતિ પ્રેમના કારણે એકબીજા સાથે જોડાયેલા યુવાનો છેલ્લાં ૯ વર્ષથી પશુ-પક્ષી બચાવ કાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી રહ્યાં છે

ગાંધીનગર, તા.૧૨

ઉત્તરાયણનો તહેવાર એટલે પતંગના સથવારે મનના ઉમંગોને મનભરીને માણવાનો ઉત્સવ. બાળકોથી માંડીને મોટી ઉંમરના વડિલો સુધી સૌ કોઈને ધાબે ચઢીને પતંગ ચગાવવા સાથે આનંદથી કિકિયારીઓ પાડવા મજબૂર કરતો આ જોશીલો તહેવાર જાણે ઠંડીની મૌસમમાં અનોખી સ્ફૂર્તિ અને તાજગીનું 'ફુલ રિચાર્જ' કરવા માટે જ નિર્ધારિત કરાયો હોય તેવી આ તહેવારની તાસીર રહેલી છે. જો કે દરેક તહેવારની જેમ ઉત્તરાયણની બીજી એક બાજુ પણ છે. જેમાં પતંગની દોરીથી ઘાયલ થઈને જીવ ગુમાવતા અથવા દર્દમાં કણસતા નિર્દોષ પક્ષીઓ છે જે અંગે હવે જનજાગૃતિ વધવા સાથે સરકાર પણ જાગૃતિ દાખવી ઘાયલ પક્ષીઓના બચાવ કાર્ય માટે 'કરૂણા અભિયાન' હાથ ધરે છે. જો કે ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓને સારવાર આપવામાં ત્વરિત અને અઘરાં રાહત કાર્ય થકી જો કોઈ મોટો ફાળો આપતાં હોય તો તે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયંભૂ રીતે કાર્યરત પક્ષી પ્રેમી સ્વયંસેવકો જ છે જે સરકારી કરૂણા અભિયાન માટે પણ એટલું જ મહત્વનું અંગ બની રહેતા હોય છે.

ગાંધીનગરમાં આમતો અનેક પ્રકૃતિ પ્રેમીઓ તથા વન્યજીવ પ્રેમીઓ માત્ર ઉત્તરાયણના સમયે જ નહી પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કોઈ પણ રીતે ઘાયલ થતા પશુ પક્ષીઓને બચાવવા વર્ષોથી કાર્યરત છે. જેમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા વ્યકિતગત ધોરણે કાર્યરત અનેક સ્વયંસેવકોનો સમાવેશ થાય છે. શહેરમાં છેલ્લા ૯ વર્ષથી આ રીતે જ કાર્યરત યુવા પ્રકૃતિ પ્રેમી સ્વયંસેવકોનું એક ગૃપ છે જે અત્યારે 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ'ના નેજા હેઠળ એક જુટ થઈને અબોલ પક્ષીઓનો જીવ બચાવવા કોઈ પણ સમયે, કોઈ પણ સ્થિતિમાં કોઈ પણ પ્રકારના જોખમ લઈને સેવા આપવા હંમેશા તૈયાર રહે છે. માત્ર અને માત્ર પ્રકૃતિ તથા વન્યજીવ કે




પક્ષી પ્રેમના તાંતણે એકબીજા સાથે જોડાઈ ગયેલા વિવિધ ક્ષેત્રના આ યુવાનોએ છેલ્લા ૯ વર્ષથી વધુ સમયમાં માત્ર પક્ષીઓ જ નહી પરંતુ સાપ, નીલગાય, શિયાળથી માંડીને કૂતરાં-બિલાડી કે અન્ય પ્રાણીઓને અકસ્માત કે અન્ય આપત્તિના સમયે બચાવવા સેવાઓ આપી છે. ૯ વર્ષ દરમિયાન આ સંગઠનમાં સંજોગોવશાત અનેક સ્વયંસેવકો નવા જોડાયા છે તો કેટલાક સ્થાનફેર થવાથી કે અન્ય કારણોસર છુટાં પણ થયા છે. હાલ આ સંગઠનમાં તેજસ ગામિત, અમિત ગોંડ, આશુતોષ તિવારી, ડૉ.સ્નેહલ પ્રજાપતિ, પંકજ પરમાર, વાસુદેવ રાંદેરિયા, આમીર હડા, જયેશ કોટવાલ, પાર્થ શાહ, વિજય ચૌહાણ, શૈલેષ ઠાકુર, વિવેક પરમાર, વિશાલ દરજી, અપૂર્વ ચૌહાણ, રવિવારજસિંહ ઝાલા સહિતના અન્ય સ્વયંસેવકોનો પણ સમાવેશ થાય છે. આ



તમામ યુવાનો વિવિધ વયના, વિવિધ ક્ષેત્રના હોવા છતાં માત્ર પ્રકૃતિ પ્રેમના કારણે બચાવકાર્ય દરમિયાન અથવા સોશિયલ મિડિયા થકી એકબીજા સાથે જોડાયા છે અને સમગ્ર વર્ષ દરમિયાન તથા ઉત્તરાયણ પર ખાસ સેવાઓ આપી રહ્યા છે. જેઓ અત્યાર સુધીમાં હજારો પક્ષીઓનો જીવ બચાવી ચુકયા છે.

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સુત્રધાર તેજસ ગામિતને બાળપણથી વન્યજીવો પ્રત્યે લાગણી હતી અને તે નર્મદા નજીક કેવડિયા કોલોની તથા શૂલપાણેશ્વર ખાતે સાપ-મગર-પક્ષીઓ વગેરેનું બચાવ કાર્ય કરતો હતો. તેના પિતાની સરકારી નોકરીમાં ગાંધીનગર બદલી થતાં અહીં આવીને સ્થાયી થયેલ તેજસ અહીં ૨૦૦૬થી કાર્યરત છે અને તેણે ફેસબુકના માધ્યમથી તેના જેવા મિત્રોનું આ ગૃપ તૈયાર કર્યુ છે. તે આ સાથે પ્રકૃતિ શિક્ષણ, પર્વતારોહણ, ટ્રેકિંગ વગેરે સાથે રકતદાન, પક્ષી પરબ વિતરણ, ગરીબોને મદદ સેવા સેવા કાર્યો સાથે પણ સંકળાયેલો છે. સેકટર-૨૨ના જૈન દેરાસર સામેના નાના શોપીંગ સેન્ટરમાં દાલવડાંની લારી ચલાવતો અમિત ગોંડ નામનો યુવાન વર્ષ ૨૦૦૨થી પોતાના શાળાકીય અભ્યાસ દરમિયાન જ સાપ બચાવવાના કાર્ય સાથે જોડાયો હતો. આ પછી શહેરના જાણીતા પર્યાવરણ પ્રેમી કિશોરસિંહ પઢિયારના માર્ગદર્શન સાથે તે વાઘ-સિંહ-ઘુડખર જેવા વન્યજીવોની વસ્તી ગણતરી કરવા પણ જાય છે અને પક્ષી બચાવ સાથે અદભૂત વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પણ કરી જાણે છે. તે પણ સંસ્થાના વિવિધ સેવા કાર્યોમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આશુતોષ તિવારી નામના હિન્દી ભાષી યુવાનના



પિતા એરફોર્સમાં દિલ્હીથી ગાંધીનગર બદલી થતા તે અહીં રહેવા આવ્યા. તેને ડિસ્કવરી જેવી ચેનલો જોઈ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ થયો અને તે ગીર ફાઉન્ડેશન સાથે પણ કાર્યરત રહી ચુકયો છે. પોતાના ગાંઠના ખર્ચે ઉત્તારાયણમાં મધ્યમવર્ગીય વોચમેન, સિકયુરિટી ગાર્ડ, સફાઈ કામદારોના વાહનોને સેફટી ગાર્ડ લગાડી આપતો આ યુવાન તેના જેવા મિત્રો સાથે ભળીને કડકડાટ ગુજરાતી બોલતો થઈ ગયો છે. તેના કાર્યને જોઈ એકવાર નીલગાયના બચ્ચાની મદદ માટે વન અધિકારી એ.જી. અમીને ડ્રાઈવર હાજર ના હોવાથી પોતાના જોખમે વન વિભાગની ગાડી સોંપી દીધી હતી. પંકજ પરમાર એવું નામ છે જે આસપાસના ગામડાંની શાળાઓમાં જઈને બાળકોને પ્રકૃતિ શિક્ષણ પુરું પાડે છે. કિશોરસિંહ પઢિયારથી પ્રેરિત થઈ તેઓ પણ વન્યજીવ ગણતરીમાં સામેલ થયા છે. તેઓ વર્ષોથી જાતે પક્ષીઘર બનાવી પક્ષીઓને તથા તેના બચ્ચાંઓને ઉછેરવામાં માહેર છે.

ડૉ. સ્નેહલ પ્રજાપતિ વ્યવસાયે વેટરનરી તબીબ છે જેમણે પણ ગાંધીનગરમાં અસંખ્ય પશુ પક્ષીઓના બચાવ કાર્યમાં પોતાના ગાંઠનું ગોપીચંદન કરીને સેવઓ આપી છે. તેઓ જલારામ સેવા સમાજ, મુકિતધામ વગેરેથી માંડીને મહાનગર પાલિકા સુધી આ બાબતે સંકળાયેલા છે. આ ગૃપમાં ૫૯ વર્ષીય વાસુદેવ રાંદેરિયા છે જેઓ ગીર ફાઉન્ડેશનની નોકરીમાંથી નિવૃત્ત થયેલા છે જેમાં તેઓ ઈકો કલબ અને લાયબ્રેરી સંભાળતા હતા. નોકરી સાથે પ્રકૃતિ પ્રેમમાં પડેલા વાસુદેવ અગાઉ રેસ્કયુ કાર્ય કરનારાઓને મદદરૂપ થતા હતા હવે નિવૃત્તિમાં તેમની સાથે જોડાઈ ગયા છે. જયેશ કોટવાલ નામનો યુવાન ફાયર બ્રિગેડમાં કાર્યરત છે જેમાં તે કેનાલમાંથી નીલગાયને રેસ્કયુ કરી ચુકયો છે અને નોકરી ઉપરાંત પણ વ્યકિતગત ધોરણે બચાવ કાર્ય કરે છે. આ સાથે વિજય ચૌહાણ, આમીર હડા, પાર્થ શાહ, અપૂર્વ ચૌહાણ, વિશાલ દરજી સહિત અનેક સ્વયંસેવકો ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીઓને બચાવવા ખડે પગે તૈયાર છે. આ યુવાનોને વન વિભાગના વિવિધ અધિકારીઓનો સહયોગ પણ હંમેશા મળતો રહ્યો છે તેને તેઓ પોતાનું પ્રેરકબળ માને છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૫૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫
**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
**દરબાર (હિન્દી)** - ૩.૫૫
**ગુડ ન્યૂઝ**
૧૦.૨૦, ૩.૦૦, ૭.૧૦, ૧૦.૦૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૧.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**છપાક**
૧૦.૩૫, ૧૨.૨૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**દરબાર (હિન્દી)** - ૪.૦૦
**ગુડ ન્યૂઝ**
૯.૩૫, ૧.૧૦, ૫.૪૦, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૪.૪૫, ૭.૦૦, ૯.૪૫, ૧૦.૦૦
**છપાક**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૯.૩૦
**દરબાર (હિન્દી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ**
૨.૩૦, ૭.૧૫, ૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દરબાર (હિન્દી)**
૯.૧૫, ૩.૩૦
**ગુડ ન્યૂઝ** - ૧૨.૩૦, ૬.૪૫

## @ગાંધીનગર

● લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન યોગ તાલીમ શિબિર યોજાશે.

## ઉવારસદમાંથી ત્રણ જુગારીઓ ઝડપાયા

અડાલજ પોલીસ મથકના હે.કો.રતનલાલને જુગાર અંગે બાતમી મળી હતી કે ઉવારસદ ગામે આટાવાસમાં પાંચ ડેરીવાળા ચોક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા આંટાવાસમાં રહેતા વિક્રમ પ્રહલાદજી ઠાકોર (ઉં.વ.૨૮), વિજય ઉદાજી ઠાકોર (ઉં.વ.૨૪), તેમજ અંકિત બોઘાજી ઠાકોર (ઉં.વ.૨૨)ને જુગાર રમતા અડાલજ પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૪૦૦ અને જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડ રૂ.૯૦૦ મળી કુલ રૂ.૧૩૦૦ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● સ્વ. મલહોત્રા પુષ્પાબેન આત્મપ્રકાશ, ઉ.વ. ૮૨
● સ્વ. બારોટ અમૃતલાલ કચરાજી, ઉ.વ. ૮૩
● સ્વ. લક્ષ્મીદેવી પુષ્કરસિંહ નેગી, ઉ.વ. ૩૪
● સ્વ. રાઠોડ ભુરાજી વરમશીજી, ઉ.વ. ૭૦